મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G NEWS ગરવી તાકાત LIVE

૨૬-૦૫-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## ૨૪-કડી વિધાનસભા (અ.જા.) અને ૮૭–વિસાવદર વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણી જાહેર


# કડી અને વિસાવદરમાં ખાલી પડેલી વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણી : આગામી ૧૯મી જૂનના રોજ યોજાશે મતદાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ કડી વિધાનસભા બેઠક તથા જુનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ વિસાવદર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત બંને વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી માટે તા.૨૬ મે, ૨૦૨૫ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે તા.૧૯ જૂન, ૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૩ જૂન, ૨૦૨૫ ના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા કેરળ પંજાબ અને પશ્ચિમ બંગાળની એક-એક વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી સહિત ગુજરાતની બે બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે પૈકી ગુજરાતની ૨૪ – કડી વિધાનસભા (અ.જા.) અને ૮૭ – વિસાવદર વિધાનસભા બેઠક માટે તા.૧૯ જૂન, ૨૦૨૫ ના રોજ મતદાન યોજાશે. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે તા.૨૬ મે, ૨૦૨૫ થી તા. ૦૨ જૂન, ૨૦૨૫ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય ઉમેદવારીપત્રો ભરી શકાશે. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી સંદર્ભે તા. ૨૫ મે, ૨૦૨૫ થી આદર્શ આચાર સંહિતા લાગુ પડશે.

ગત તા. ૦૫ મે, ૨૦૨૫ ના રોજ તા.૦૧ એપ્રિલ, ૨૦૨૫ ની લાયકાતવાળી આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ત્યારબાદ મતદાર યાદીની સતત સુધારણા મુજબ હાલની સ્થિતિએ મહેસાણા જિલ્લાની ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૪૯,૭૬૦ પુરુષ, ૧,૪૦,૦૯૨ મહિલા અને ત્રીજી જાતિના ૦૪ મળી કુલ ૨,૮૯,૮૫૬ મતદારો નોંધાયા છે. જ્યારે જુનાગઢ



જિલ્લાની ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૩૫,૬૦૯ પુરુષ, ૧,૨૫,૪૭૯ મહિલા અને ત્રીજી જાતિના ૦૪ મળી કુલ ૨,૬૧,૦૯૨ મતદારો નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, કડીના ધારાસભ્ય શ્રી કરસનભાઈ સોલંકીના અવસાનથી તથા વિસાવદરના ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ ભાયાણીના રાજીનામાના કારણે આ વિધાનસભા બેઠકો ખાલી પડી હતી.

## કડી ભાજપાનો ગઢ રહ્યો છે અને દાયકાઓથી પક્ષ અહિં જીત મેળવતો આવ્યો છે : નિતીન પટેલ

(ગરવી તાકાત) કડી તા.૨૫

કડી વિધાનસભા બેઠક પર આગામી ૧૯ જૂને પેટાચૂંટણી યોજાશે. પૂર્વ ધારાસભ્ય કરસનભાઈ સોલંકીના અવસાન બાદ આ બેઠક ખાલી પડી હતી. ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ ૨૬ મેથી ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ થશે અને ૨૩ જૂને મતગણતરી હાથ ધરાશે.

આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામે તેવી શક્યતા છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, ભાજપ પક્ષના કાર્યકરો પ્રજાની વચ્ચે જઈને ચૂંટણી



પ્રક્રિયા હાથ ધરશે.

તેમણે કહ્યું કે કડી ભાજપનો ગઢ રહ્યો છે અને દાયકાઓથી પક્ષ અહીં જીત મેળવતો આવ્યો છે. પક્ષના ઉમેદવારની પસંદગી પ્રદેશ અને રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા કરવામાં આવશે. નિરીક્ષકો કડીના કાર્યકરો અને હોદેદારોનો અભિપ્રાય મેળવી, લોકપ્રિય ઉમેદવારની પસંદગી કરશે.

### અસહ્ય ગરમીના કારણે માછલીઓ ગુંગળાઈને મૃત્યુ પામ્યાનું પ્રાથમિક તારણ

## બહુચરાજીના ઈન્દ્રપ ગામના તળાવમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓના ઢગલાથી ગ્રામજનોમાં ચિંતાનો માહોલ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

બહુચરાજીના ઈન્દ્રપ ગામના તળાવમાં છેલ્લા બે દિવસથી મોટી સંખ્યામાં મૃત માછલીઓ જોવા મળી રહી છે. તળાવના કિનારે મૃત માછલીઓના ઢગલાથી ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, તળાવમાં છેલ્લા બે વર્ષથી જળકુંભી વેલનું આવરણ જામી ગયું છે.

આ વેલના કારણે પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટ્યું છે. વધુમાં, અસહ્ય ગરમીના કારણે માછલીઓ ગૂંગળાઈને મૃત્યુ પામી છે.

સ્થાનિક પંચાયતે અગાઉ જળકુંભી વેલ દૂર કરવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ તેનો સંપૂર્ણ નાશ ન થઈ શક્યો. છેલ્લા ચાર મહિનામાં આ વેલે ફરીથી આખા તળાવને ઢાંકી દીધું



છે. મૃત માછલીઓથી ફેલાતી દુર્ગંધના કારણે ગ્રામજનો અને પશુપાલકો તળાવના પાણીનો ઉપયોગ કરતા અચકાય છે.

ગ્રામજનોની માગણી છે કે તંત્ર તરફથી જળકુંભી વેલ દૂર કરવા માટે ગ્રાન્ટ કે અન્ય સહાય આપવામાં આવે. આનાથી તળાવ ફરી સોહામણું બનશે અને માછલીઓના મૃત્યુની ઘટનાઓ અટકશે. હાલ મૃત માછલીઓના કારણે ગામમાં ચિંતા અને ગભરાટનો માહોલ છે.

## વિસનગર એમ.એન કોલેજ તરફ જવાના રોડ પરથી અજાણ્યા મહિલાની લાશ મળી આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

વિસનગર શહેરના સવાલા દરવાજાથી એમ.એન. કોલેજ રોડ પર સ્થિત નવદુર્ગા ભાજીપાંઉ પાસેથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. સ્થાનિકોએ પોલીસને જાણ કરતાં તુરંત જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક મહિલાની ઉંમર આશરે ૪૫ વર્ષ હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. પોલીસે મહિલાની ઓળખ માટે તપાસ શરૂ કરી છે.

મહિલાના વાલી વારસોની શોધખોળ ચાલી રહી છે.

પોલીસે જાહેર કર્યું છે કે, જો કોઈ વ્યક્તિને મૃતક મહિલા વિશે માહિતી હોય અથવા તેના વાલી વારસ હોય, તો તેમણે વિસનગર શહેર પોલીસ સ્ટેશનનો ફોન નંબર ૦૨૭૬૫૨૩૧૩૦૦ પર સંપર્ક કરવો.

### અર્બન કો-ઓ. બેક્ર ૧,૦૭,૯૩૪ સભાસદો ધરાવે છે

## મહેસાણા અર્બન બેંકની ખાલી પડેલી જગ્યાની પેટા ચૂંટણી ૧૩ જુલાઈના રોજ યોજવા રજિસ્ટ્રાર દ્વારા હુકમ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

સહકારી ક્ષેત્રમાં બે ટર્મથી વધુ જે ડિરેક્ટર તરીકે રહ્યા હોય તે ફરીથી ડિરેક્ટર તરીકે ચૂંટણી નહીં લડી શકેના તાજેતરમાં જ સંસદમાં પસાર થયેલા નવા ખરડાને લઈ મહેસાણા અર્બન બેક્રના ચેરમેન અને વાઈસ ચેરમેન સહિત આઠ ડિરેક્ટરોએ ચાર મહિના પૂર્વે રાજીનામાં આપ્યાં હતાં. ખાલી પડેલી આ જગ્યાની પેટા ચૂંટણી ૧૩ જુલાઈના રોજ યોજવા કેન્દ્રના રજીસ્ટ્રાર દ્વારા હુકમ કરાયો હતો.

૧૭ સભ્યોનું નિયામક મંડળ ધરાવતી મલ્ટી સ્ટેટ મહેસાણા અર્બન કો-ઓ. બેક્ર ૧,૦૭,૯૩૪ સભાસદો ધરાવે છે એકાદ વર્ષ પૂર્વે નિયામક મંડળની ચૂંટણી સમરસ બની હતી. દરમિયાન સહકારી ક્ષેત્રમાં બે ટર્મ કરતાં વધુ સમય ડિરેક્ટર તરીકે



ચૂંટાઈ આવનાર ફરીથી ચૂંટણી નહીં લડી શકે અથવા તો હોદ્દા ઉપર નહીં રહી શકેના કાયદાના અમલને પગલે ચાર મહિના પૂર્વે ચેરમેન અને વાઈસ ચેરમેન સહિત આઠ ડિરેક્ટરોએ રાજીનામું આપ્યું હતું અને તેમની ખાલી પડેલી જગ્યા માટે ૨૨ મેના રોજ કેન્દ્રના રજીસ્ટ્રાર દ્વારા કલેક્ટરની ચૂંટણી અધિકારી તરીકે નિમણૂક કરી ૧૩ જુલાઈના રોજ પેટાચૂંટણી યોજવા હુકમ કર્યો હતો.

પેટાચૂંટણીનો કાર્યક્રમ ૯ જૂન જાહેરનામું બહાર પડશે ૧૯ જૂન ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે ૨૦ થી ૨૪ જૂન દરમિયાન ફોર્મ ભરી શકાશે ૭ જુલાઈ ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૭ જુલાઈ સાંજે ૫ વાગે ઉમેદવારોની યાદી જાહેર થશે ૧૩ જુલાઈ જરૂર જણાય તો ચૂંટણી યોજાશે ૧૫ જુલાઈ મતગણતરી ૧૮ જુલાઈ પરિણામ જાહેર કરાશે

### દુબઈમાં યોજાયેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય અબેકસ અને મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં

## મહેસાણાની બે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું : ૧૭ દેશોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

દુબઈમાં યોજાયેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય અબેકસ અને મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં મહેસાણાની બે વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. ક્યુબેટિક એજ્યુટેક પ્રા.લિ. બેંગ્લોર દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ૧૭ દેશોના ૪૮૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સાર્વજનિક વિદ્યાલયની પાંચમા ધોરણની વિદ્યાર્થિની આધ્યા મિલાપ રાવલે પ્રથમ રનર-અપનું સ્થાન મેળવ્યું છે. શબરી વિદ્યાલયની સાતમા ધોરણની વિદ્યાર્થિની સોનાક્ષી



મિલાપ રાવલે દ્વિતીય રનર-અપનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બંને વિદ્યાર્થિનીઓએ માત્ર ૬ મિનિટના સમયગાળામાં ૨૦૦ ગણિતના દાખલાઓ ઉકેલ્યા હતા. આ સ્પર્ધામાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના દાખલાઓનો સમાવેશ થાય છે. શૈક્ષણિક સ્પર્ધાઓમાં આ સ્પર્ધાને સૌથી પડકારજનક ગણવામાં આવે છે.

વિજેતા બનવા માટે બંને વિદ્યાર્થિનીઓએ ત્રણ મહિના સુધી સખત મહેનત કરી હતી. આ સ્પર્ધામાં સફળતા મેળવવા માટે એકાગ્રતા, ચોકસાઈ, સમય વ્યવસ્થાપન, યાદશક્તિ અને સ્મરણશક્તિ જેવા કૌશલ્યોની આવશ્યકતા હોય છે. શાળા પરિવારે બંને વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

### સિદ્ધી હાંસલ કરી ડીસા આવી પહોંચતા ઢોર શરણાઈના નાદે શાનદાન સન્માન કરવામાં આવ્યુ

## દુનિયાનું સૌથી ઉંચુ શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ડીસાના ડૉ. જીગરએ સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

દુનિયાનું સૌથી ઉંચું શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ડીસાના ડો.જીગર કિશોરભાઈ અસ્નાનીએ સમગ્ર ગુજરાત અને ભારતના ગૌરવમાં વધારો કર્યો છે.આ વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી તેઓ ડીસા આવી પહોંચતાં જલારામ મંદિર ખાતે ઢોલ શરણાઈના ઢબૂકતા નાદે તેમનું શાનદાર સન્માન કરવામાં આવ્યું હતું.જલારામ મંદિર ડીસાના ટ્રસ્ટીઓ સર્વ કનુભાઈ આચાર્ય, ભગવાનભાઈ બંધુ,ડો.કિશોરભાઈ અસ્નાની, શશીકાંતભાઈ ડી ઠક્કર



તેમજ શુભેચ્છક ગ્રુપના કમલેશભાઈ રાચ્છ, અમીતભાઈ પુરોહિત,બળદેવભાઈ રાયકા, ચંદુભાઈ એટીડી, મહેશભાઈ મનવર, કાંતિલાલ માળી, જયેશભાઈ દેસાઈ, કલ્પેશભાઈ -લાલાભાઈ, સંગીતાબેન ઠક્કર, પૂજાબેન ઠક્કર, હિતેશભાઈ સોનપાલ, શૈલેષભાઈ બહુચર ડ્રેસવાળા,પ્રકાશભાઈ કાનાબાર, કિરણભાઈ માળી સહિત સૌએ સાથે મળી ડો.જીગરભાઈનુ સાફો બંધાવી ફૂલહાર પહેરાવી ભવ્યાતિભવ્ય દિવ્યાતિદિવ્ય સન્માન કર્યું હતું. ડો.જીગરભાઈએ પણ પૂજ્ય જલારામ બાપા સહિત તમામ દેવોને ફૂલહાર પહેરાવી આશીર્વાદ લીધા હતા.આ શુભ અવસરે ડો.સી.કે.પટેલ, ડો.રમેશભાઈ વારડે,મોતીલાલ આસનાની, કિશોરભાઈ સાંખલા, લીલાધરભાઈ આચાર્ય, દિનેશભાઈ દીપ, પ્રવિણભાઈ સાધુ સહિત ડીસાની વિવિધ સંસ્થાઓના અંદાજે ૨૦૦ જેટલા અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.જલારામ મંદિરથી શરૂ થયેલી સન્માનયાત્રા સ્પોર્ટ્સ ક્લબ ખાતે પહોંચ્યા બાદ ત્યાં સન્માનનો વિશેષ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.વિનોદ બાંડીવાળા ડીસા

### મહેસાણામાં કર્ણાવતીનગર પાસે વીજ ફોલ્ટથી તાર તૂટતાં રહીશોમાં ગભરાટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

જીઈબીની ટીમે તૂટેલા વાયરનું જોડાણ કર્યું. કર્ણાવતીનગર, પાર્વતી નગર, ગણપતિ નગર સહિત સોસાયટીઓમાં વીજપુરવઠો શરૂ થયો. કેટલીક સોસાયટીઓમાં વીજ પુરવઠો બંધ રહ્યો. લોકો ગરમીમાં શેકાયા. મધરાત્રે જીઈબીની ટીમ ફરી આવી. ચોક્કસ ફોલ્ટ શોધી વીજ પુરવઠો પુનઃ શરૂ કર્યો. લોકોએ રાહતનો શ્વાસ લીધો. શહેરના મોટાભાગના વિસ્તારોમાં યુજીવીસીએલ દ્વારા અંડરગ્રાઉન્ડ કેબલ અને ડીપી સિસ્ટમ લગાવાઈ છે. વિકાસનગરના રહીશો આ સિસ્ટમથી ત્રસ્ત છે. ગત વર્ષે ઓગસ્ટમાં પણ આવી જ ઘટના બની હતી. ચાલુ ચોમાસામાં ફરી આવી સમસ્યા ન સર્જાય તે માટે વીજતંત્રે કાયમી ઉકેલ લાવવો જોઈએ તેમ રહીશોએ જણાવ્યું હતું.



ભારત સરકાર
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે

## ભારત સરકાર અને ગુજરાત સરકારના કુલ ₹24,000 કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનાં

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત

:: મુખ્ય મહેમાન ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી અશ્વિની વૈષ્ણવ**
માનનીય કેન્દ્રીય મંત્રી, રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી, ભારત

## માનનીય વડાપ્રધાનશ્રીના વરદ્‌હસ્તે વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તની યાદી

### પશ્ચિમ રેલવેના ₹ 23,692 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ

'મેક ઇન ઇન્ડિયા' અભિયાન અંતર્ગત દાહોદ ખાતે નિર્મિત ભારતના પ્રથમ 9000 એચપી લોકોમોટિવ એન્જિનનું લોકાર્પણ તથા ફ્લેગ ઑફ

દાહોદ રેલવે ઉત્પાદન યુનિટથી 10,000 લોકોને રોજગારી

ગુજરાતમાં રેલવેનું 100% વીજળીકરણ: રાજ્યભરના રેલવે નેટવર્કનું સંપૂર્ણ વીજળીકરણ થવાથી પરંપરાગત ઊર્જાના સ્રોત પર નિર્ભરતા ઘટશે અને પર્યાવરણને અનુકૂળ પરિવહન વિકસશે

વંદે ભારત એક્સપ્રેસ: અમદાવાદ (સાબરમતી) થી વેરાવળ (સોમનાથ) સુધી ઝડપી અને સુરક્ષિત મુસાફરીનો નવો યુગ:
પ્રવાસીઓને ઝડપી, સલામત અને આરામદાયક મુસાફરી માટે વધુ એક વિકલ્પ ઉપલબ્ધ કરાવશે, ખાસ કરીને ધાર્મિક યાત્રા કરતા મુસાફરો માટે આ માર્ગ વધુ સુવિધાજનક

વલસાડ-દાહોદ વચ્ચે નવી ટ્રેન સેવાનું લોકાર્પણ તથા ફ્લેગ ઑફ
નવી ટ્રેન સેવા વલસાડ અને દાહોદને સીધા રેલ કનેક્શન દ્વારા જોડશે, જેનાથી વલસાડ નજીકના ઔદ્યોગિક વિસ્તારોમાં પહોંચવું સુગમ બનશે અને વધુ રોજગારીના અવસરો મળશે

### ₹181 કરોડ રૂપિયાની ચાર જૂથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ:

ખેરોલી, નામનાર, ગોથીબ અને ચરણગામ ઓગમેન્ટેશન RWSS યોજનાઓનો આરંભ;
આ યોજનાઓ દ્વારા મહીસાગર અને દાહોદ જિલ્લામાં આવેલા 193 ગામો અને 1 શહેરના કુલ 4.62 લાખ લોકોને દરરોજ વ્યક્તિદીઠ 100 લિટર પીવાનું શુદ્ધ પાણી મળશે.

### સુવિધાસભર શહેરી જીવન માટે ₹ 706 કરોડ:

શહેરી વિસ્તારોમાં માર્ગો, પુલો, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા અને
અન્ય પ્રાથમિક સુવિધાઓના વિકાસ માટે 'અમૃત 2.0 યોજના અંતર્ગત ₹ 706 કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ

### પોલીસ દળ માટે આધુનિક આવાસ સુવિધા:

દાહોદ જિલ્લાના પાવડી ખાતે રાજ્ય અનામત પોલીસ દળ માટે સંપૂર્ણ રીતે સુવિધાસભર પોલીસ ક્વાર્ટર્સ

### સ્માર્ટ સિટી મિશન અંતર્ગત દાહોદ શહેરમાં ₹ 233 કરોડના વિવિધ મહત્ત્વપૂર્ણ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ

દાહોદ નગરપાલિકાનું નવું ભવન, આધુનિક આદિવાસી સંગ્રહાલય, સ્માર્ટ પુસ્તકાલય, સ્માર્ટ પ્રાથમિક શાળાનું નવીન મકાન

દૂધમતી નદીના રિવરફ્રન્ટ વિકાસ, અને અનેક અન્ય શહેરી સુવિધાઓના અભિગમથી સંકળાયેલાં કામો

**તારીખ : 26-05-2025, સોમવાર સમય : સવારે 11-00 વાગે, સ્થળ : જી.એમ.એસ.સી.એલ. ગોડાઉન પાછળ, ખરોડ, દાહોદ.**



DD NEWS Live Telecast on DD NEWS


સત્યમેવ જયતે
ભારત સરકાર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



વિકસિત ભારત @2047ને સાકાર કરવાની દિશામાં અગ્રેસર ગુજરાત

# ₹53,000 કરોડથી વધુના વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદીના**
વરદહસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી મનોહર લાલ**
માનનીય કેન્દ્રીય મંત્રી - વીજ, આવાસ અને શહેરી બાબતો
ભારત

26 મે, 2025 બપોરે 3 વાગે ભુજ, કચ્છ

## જીવનમાં પરિવર્તન, પ્રગતિને વેગ, હરિયાળા ભવિષ્ય તરફ અગ્રેસર

### દેશને ઊર્જાવાન કરતી ગ્રીન ગ્રિડ

**ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર**
(₹ 39,300 કરોડથી વધુના પ્રકલ્પો)

**આંતરરાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ લાઈન્સ સમગ્ર ભારતમાં પુનઃપ્રાપ્ય ઊર્જા પહોંચાડશે**

* ખાવડાથી નાગપુર ±800 kV HVDC બાયપોલ લાઇન અને 6000 MW ટર્મિનલ સબસ્ટેશન
* વધારાના 7 GW RE પાવરના નિકાસ માટે વટામણ સબસ્ટેશન અને ટ્રાન્સમિશન લાઇન
* બનાસકાંઠા-સંખારી ટ્રાન્સમિશન લાઇન અને સબસ્ટેશનનું વિસ્તૃતિકરણ

### ઊર્જા સુરક્ષાથી સૌને લાભ

**પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર**
(₹ 11,700 કરોડથી વધુના પ્રકલ્પો)

**રહેણાંક, ઉદ્યોગો, વાણિજ્ય અને કૃષિ માટે 24x7 અવિરત, સસ્તી અને ગુણવત્તાયુક્ત વીજળી**

* વિવિધ સબસ્ટેશનનું નિર્માણ
* ગાંધીધામ ખાતે અંડરગ્રાઉન્ડ કેબલિંગ
* ઉકાઈ પાવર પ્લાન્ટનું વિસ્તૃતિકરણ અને કડાણા હાઈડ્રો પ્લાન્ટનું આધુનિકીકરણ

**ખેડૂતોને દિવસે વીજળી**

* 266 મેગાવોટની કુલ ક્ષમતા ધરાવતા ચાર સૌર પ્રોજેક્ટ્સ

### સમૃદ્ધિને વેગ આપતા પોર્ટ

**પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**
(₹ 1,100 કરોડથી વધુના પ્રકલ્પો)

**ગુજરાતને વૈશ્વિક બજારોથી જોડશે તથા ઉત્પાદકો માટે ઝડપી ડિલિવરી થશે અને વધુ વિશાળ બજારો સુધી પહોંચી શકાશે**

* 3 રોડ ઓવરબ્રિજ અને 6 લેન રોડનું આધુનિકીકરણ
* 10 મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધા
* ઑઇલ જેટી નંબર 8, ટ્રાન્ઝિટ સ્ટોરેજ વેરહાઉસ અને અન્ય કામો

### લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરતી માળખાગત સુવિધા

**માર્ગ, પર્યટન અને યાત્રાધામ**
(₹ 1,092 કરોડથી વધુના પ્રકલ્પો)

**ઉન્નત કનેક્ટિવિટી, રોજગારીની વધુ તકો અને વ્યાપાર, પર્યટન સહિતની સેવાઓને પ્રોત્સાહન**

* ભુજથી નખત્રાણા સુધી 4 લેન હાઈ-સ્પીડ કોરિડોર
* ધોળાવીરા ખાતે પ્રવાસી સુવિધાના વિકાસની બીજી તબક્કાની કામગીરી
* 'માતાનો મઢ' ખાતે વિવિધ સુવિધાઓનો વિકાસ

વિકસિત ગુજરાત ગ્રીન ગુજરાત

▶ જીવંત પ્રસારણ જુઓ DD NEWS પર

### સરકાર દ્વારા મહેસુલી તલાટીની ભરતીની જાહેરાત આપતા ગ્રામ્ય લોકોને ફરી બે કચેરીઓમાં ધકા ખાવા પડશે કામ માટે

# મહેસુલી તલાટીની ભરતી કરતાં દરેક ગ્રામ પંચાયતમાં એક તલાટીની ભરતી કરવી જોઈએ સરકારે : યુવાનો

## ગામડાઓમાં વસવાટ કરતા લોકોને હવે સરકારી ભરતી બાદ બબે સ્થળોએ કામ માટે ધકા ખાવા પડશે

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૫

સરકારશ્રી દ્વારા તાજેતરમાં મહેસુલી તલાટીની ?૨,૩૮૯ જગ્યાઓની જાહેરાત બહાર પાડવામાં આવી છે અગાઉ પણ ૨૦૧૦ અને ૧૨ માં મહેસુલી તલાટીઓની ભરતી કરવામાં આવેલ હતી પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં લોકોને દરેક કામ કરાવવા માટે બે જગ્યાએ ધક્કા ખાવા પડતા હતા જેની રજૂઆતો સરકાર સુધી પહોંચતા સરકારે ૨૦૧૭ માં તત્કાલીન નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જાહેરાત કરી હતી કે મહેસુલી તલાટી અને પંચાયત તલાટીની જગ્યાઓને એકત્રીકરણ કરી મહેસુલી તલાટી અને પંચાયત તલાટીને મર્જ કરવામાં આવશે જેથી કરીને લોકોને દરેક પ્રકારની સરકારી કામગીરી એક જ જગ્યાએથી થઈ શકે




લોકોને બે જગ્યાએ ધકા ખાવા પડે નહીં અને તલાટી અને પંચાયત તલાટીની અલગ કરતા લોકોને જે રોજબરોજની સરકારી વિવિધ કામગીરીમાં મુશ્કેલીઓ પડતી હતી એ મુશ્કેલીઓ નિવારવા માટે પંચાયત અને મહેસુલી તલાટીની જગ્યાઓને મર્જ કરી હતી અને મહેસુલી તલાટીઓને પંચાયત તલાટીઓમાં મર્જ કરીને દરેક ગામે એક તલાટી મૂકવાની જાહેરાત પણ તે વખતે સરકાર શ્રી દ્વારા થઈ હતી તેનાથી લોકોને તમામ પ્રકારની કામગીરી એક જ જગ્યાએથી એટલે કે સિંગલ વિન્ડો સિસ્ટમથી ગ્રામ પંચાયતમાં મળી રહેતા લોકોમાં પણ આનંદની લહેર પ્રસરી હતી અને મહાત્મા ગાંધી અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સપનુ હતું.

એમ ગ્રામ સચિવાલય માં તમામ પ્રકારની સુવિધાઓ એક જ જગ્યાએથી મળી રહેશે એવી લોકોને આશા બંધાઈ હતી અને સરકાર શ્રી ૨૦૧૭ માં આ જાહેરાત પણ કરવામાં આવી હતી પરંતુ તાજેતરમાં જ મહેસુલી તલાટી ની નવીન ભરતી આવતાં લોકોનું અનેક રીતે થવા માંડ્યા છે કે આ સરકાર માં લોકોનું હીત ના બદલે અધિકારીઓનું હિત જોવામાં આવે છે જો લોકોનું હિત જોવામાં આવ્યું હોત તો સરકારશ્રી દ્વારા ૨૦૧૭ માં જે જાહેરાત કરવામાં આવી હતી એ મુજબ ગ્રામ

**એક બાજુ સરકાર સ્વીકારે છે કે રેવન્યુ તલાટી અને પંચાયત તલાટીની કેડર અલગ કરવાથી ગ્રામ્ય લેવલે લોકોને રોજબરોજના સરકારી કામો કરાવવા માટે ખૂબ જ હેરાનગતિ થાય છે અને મુશ્કેલી ઊભી થાય છે અને બીજી બાજુ ફરી પાછી રેવન્યુ તલાટીની અલગ ભરતી કરવામાં આવશે તેવી જાહેરાત કરતાં લોકો પણ ચૌંકી ગ્યા અને મહેસૂલી ભરતી બાદ લોકોને એક માટે બે જગ્યાએ ધકા ખાવા ની નોબત આવશે.**

પંચાયત એક તલાટી કરવા માટે જે મહેસુલી તલાટીની ભરતીની જાહેરાત કરવામાં આવી છે જેની જગ્યાએ હાલમાં ગુજરાતમાં અંદાજિત ૧૪૫૦૦ ગ્રામ પંચાયત છે.

જેની સામે હાલમાં મજુર મહેકમ ૧૧૮૦૦ છે. જો સરકાર ગ્રામ વિસ્તારના લોકોનુ હિત વિચારતી હોય તો પંચાયત તલાટીનુ મહેકમ વધારો કરીને દરેક ગ્રામ પંચાયત દીઠ એક તલાટીની ભરતી કરવામાં આવે તો લોકોની સુખાકારીમાં પણ વધારો થાય અને સરકારશ્રીની સિંગલ વિન્ડો સિસ્ટમ પણ ગ્રામ્ય લેવલે સાચી રીતે સાર્થક થાય. પરંતુ કોણ જાણે કે કેમ સરકારના નેતાઓ આમ કહે અને અધિકારીઓ તેમ કહે વચ્ચે પીસાસે પ્રજા ફરી પાછી ફરી આ ભરતી બાદ

## સંક્ષિપ્ત સમાચાર

### દિયોલી હાઈ.ના શિક્ષક સંદિપ પટેલને એન્વાયરમેન્ટ કંઝરવેશન એવોર્ડ ૨૦૨૫ એનાયત થયો




(ગરવી તાકાત) ઈડર તા.૨૫

તારીખ ૨૫ મે ના રોજ ગાંધીનગર ખાતે અર્લી બર્ડ આઈ.એ.એસ. અને જ્ઞાન લાઈવ આયોજિત **ENVIRONMENT CONSERVATION AWARD** ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું. જેમાં પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા ભારત દેશના વિવિધ રાજ્યમાંથી આવનાર પ્રકૃતિપ્રેમી શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત ગુજરાત રાજ્યના પ્રકૃતિ જતન અને સંવર્ધન માટેની પ્રવૃત્તિઓ કરતા ચુનંદા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવશ્રી પુલકિતભાઈ જોશી સાહેબ તેમજ શિક્ષણવિદ્ ગજેન્દ્રભાઈ જોશી તેમજ અર્લી બર્ડ આઈ.એ.એસ.સંસ્થાના સંસ્થાપક મહેશ આઝોલીયા સાહેબ અને જ્ઞાન લાઈવ એકેડેમીના સંસ્થાપક ચેતનભાઈ તેમજ શિક્ષણવિદ મનુભાઈ ચોકસી સહિતના મહેમાનો ઉપસ્થિતિ રહ્યા હતાં. જેમાં સાબરકાંઠા જિલ્લાની શ્રીમતી એમ જે મેવાડા શિવશક્તિ વિદ્યામંદિર, દિયોલી(ઈડર)ના શિક્ષક સંદિપભાઈ પટેલને સન્માન મળ્યું એ બદલ શાળાના આચાર્ય, ટ્રસ્ટના હોદેદારશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### આર્ષ ગુરુકુળમાં વ્યક્તિત્વ વિકાસ શિબિરનું સમાપન

## યુવાનોના સર્વાંગી વિકાસ માટે યોગ, સ્વ-રક્ષણ અને સંસ્કાર તાલીમ અપાઈ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૫

આર્ષ ગુરુકુલ આબુ પર્વત ખાતે સાત દિવસીય વ્યક્તિત્વ વિકાસ અને સ્વ-રક્ષણ તાલીમ નિવાસી શિબિરનું સમાપન થયું. ગુરુકુળના આચાર્ય સ્વામી ઓમાનંદ સરસ્વતીએ સંસ્કારી યુવાનોની રાષ્ટ્ર પ્રગતિમાં મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો.

શિબિરમાં સ્વામી વિદેહયોગી, ડો.કમલેશ શાસ્ત્રી, સ્વામી નવીનંદજી અને ડો.અરુણ ચવ્હાણે માર્ગદર્શન આપ્યું. તાલીમાર્થીઓને યોગ, કસરત, ધ્યાન, પ્રાણાયામ, સંધ્યા અને યજ્ઞની તાલીમ અપાઈ.

આચાર્ય ગગેન્દ્ર આર્ય, રજનીકાંત શાસ્ત્રી અને અન્ય નિષ્ણાતોએ તાલીમાર્થીઓને લાકડી, ભાલા, તલવાર, તીરંદાજી અને શૂટિંગની તાલીમ આપી. શિબિર દરમિયાન વન પ્રવાસ, સંસ્કૃત વાર્તાલાપ, આયુર્વેદ અને પ્રાથમિક સારવારનું જ્ઞાન પણ આપવામાં આવ્યું.

સમાપન સમારોહમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા, ગુજરાત અને રાજસ્થાનના તાલીમાર્થીઓએ હાજરી આપી. તાલીમાર્થીઓએ શિબિર સમયગાળાના તેમના અનુભવો વ્યક્ત કર્યા અને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિજ્ઞા લીધી. પ્રાર્થના અને ધ્વજવંદન સાથે શિબિરનું સમાપન થયું.

### ડીસા નગરપાલિકાએ રખડતાં પશુઓને પકડવાની કામગીરી હાથ ધરી

## ડીસા શહેરમાં રખડતાં પશુઓને પકડવાની કામગીરીમાં દર વર્ષે કરાય લાખો રૂપિયાનો ખર્ચ : પરિસ્થિતિ ‘જૈસૈથે’

(ગરવી તાકાત) ડીસા તા.૨૫

ડીસા શહેરમાં રખડતાં પશુઓની સમસ્યાને લઈને શહેરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા શહેરમાં જ્યાં નજર કરો ત્યાં રખડતી ગાયો રખડતાં આખલાઓ સહિત રખડતાં ભુંડનો ત્રાસ વધી જતાં શહેરજનોના જીવ પણ ટળીએ ચોટી ગયા હતા જ્યારે ડીસા શહેરમાં રખડતાં પશુઓના કારણે અનેક નિર્દોષ વાહનચાલકો સહિત રાહદારીઓએ જીવ ગુમાવ્યા છે જ્યારે અનેક લોકોએ દિવ્યાંગતા ધારણ કરી છે રાજય સરકાર સહિત જિલ્લા કલેકટર શ્રી દ્વારા જિલ્લાની તમામ નગરપાલિકાઓને રખડતાં પશુઓને સમસ્યાને દૂર કરવા માટે હુકમ કરવામાં આવ્યો છે ત્યારે પાલિકા દ્વારા



પણ દર વર્ષે લાખો રૂપિયાનો ખર્ચ કરી રખડતાં પશુઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવે છે પરંતુ બાદ શહેરમાં રખડતાં પશુઓની સમસ્યા આજેપણ યથાવત જોવા મળી રહી છે ત્યારે આજે રાત્રે દરમિયાન ડીસા નગરપાલિકાની રખડતાં પશુઓને પકડવાની કામગીરી કરતી એજન્સીએ મજુરોને સેફટી સાધનો આપ્યા વિના રખડતાં પશુઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં બગીચા સર્કલ સહિત મહારાણા પ્રતાપ હાઈસ્કૂલ સર્કલ પાસેથી એજન્સી દ્વારા માત્ર આખલાઓને પકડીને પાંજરે પુરાયા હતા જ્યારે રખડતાં પશુઓને પકડવાની કામગીરી કરતી પાલિકાએ એજન્સીએ ગાયો સહિત આખલાઓને પકડવાની કામગીરી સોંપવામાં આવી છે ત્યારે એજન્સી દ્વારા માત્ર આખલાઓને પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે જેમાં પણ ક્રુરતાપૂર્વક પશુઓને પકડવામાં આવી રહ્યા જેને લઈને જીવદયાપ્રેમીઓ દ્વારા પણ આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે જોકે અગાઉ પણ આજ એજન્સી દ્વારા પશુઓ પકડવાની કામગીરી કરવાનું ટેન્ડર આપવામાં આવ્યું હતું જેમાં પણ લાખો રૂપિયા ચુકવવામાં આવ્યા હતાં અને શહેરમાં ફરીથી રખડતાં પશુઓની સમસ્યામાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે પાલિકા દ્વારા વારંવાર એકજ એજન્સીને પશુઓ પકડવાની કામગીરી સોંપવામાં આવતાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

## ગુજરાતનું બડોલી દુબઈ માં ઝરક્યું

(ગરવી તાકાત) ઈડર તા.૨૫

દુબઈમાં ભારત ની સાથે ગુજરાત રાજ્ય નું બડોલી ગામ નું નામ રોશન કરનાર હિમાક્ષ સુતરીયા છે. મળતી માહિતી પ્રમાણે ગત તારીખ ૧૮ મે ના રોજ દુબઈ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કુબાટીક **(International Cubatic Compªition)** પ્રતિયોગિતામાં ભારતનું નામ ઉજ્જવળ કરનાર બડોલી ગામના વતની સુતરીયા હિમાક્ષ ભુપેન્દ્રભાઈ એ પોતાની પ્રતિભાથી સૌનું દિલ જીતી લીધું છે.



મહેસાણાની એકલવ્ય ઈંગલિશ મીડીયમ સ્કૂલમાં ધોરણ ૪માં અભ્યાસ કરતા ૯ વર્ષીય હિમાક્ષે **LIMCO ABACUS** મહેસાણા સેન્ટર તરફથી પ્રતિનિધિત્વ કર્યું હતું. વિશ્વની એક સૌથી મુશ્કેલ ગણિત પ્રતિયોગિતામાં, જેમાં ૬ મિનિટમાં ૨૦૦ દાખલા હલ કરવાનો પડકાર હોય છે, તેમાં હિમાક્ષે પોતાની સૂઝબૂઝ અને તર્કશક્તિ વડે **Fi®s Runner-Up** નો ખિતાબ જીત્યો હતો.

આ સિદ્ધિએ માત્ર હિમાક્ષના માતાપિતાનો નહીં, પરંતુ સમગ્ર બડોલી ગામ અને દેશનું પણ ગૌરવ વધાર્યું છે. હિમાક્ષને મળેલી સફળતાને પગલે ગામ અને સમાજમાં આનંદની લાગણી છવાઈ છે અને સૌએ હિમાક્ષને ઉજળા ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને આશીર્વાદ આપ્યા હતા.

## ગુજરાતને વિકાસના કામોની મોટી ભેટ : ૨૭ મે એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં ૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે



**આરોગ્ય ક્ષેત્રે ગાંધીનગરમાં રૂા.૮૪ કરોડના યુ.એન. મહેતા કાર્ડિયોલોજી સેન્ટરનું લોકાર્પણ થશે**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭મી મેના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ વિવિધ વિભાગોના રૂા.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શહેરી વિકાસ વિભાગ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂા.૧૦૦૬ કરોડના ૨૨,૦૦૦થી વધુ રહેણાંક એકમોનું લોકાર્પણ થશે. સુરતમાં રૂા.૧૪૫ કરોડના બાયોડાયવર્સિટી પાર્કનું પણ લોકાર્પણ કરાશે. જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને જૂનાગઢમાં રૂા.૧,૪૪૭ કરોડના વિકાસ કાર્યો પૂર્ણ થયા છે. અમદાવાદમાં ?૧૦૦૦ કરોડના સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ સહિત રૂા.૧,૩૪૭ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત થશે.

માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂા.૧૭૦ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થશે. જળ સંસાધન વિભાગ અંતર્ગત રૂા.૧૮૬૦ કરોડના કામો શરૂ થશે. બનાસકાંઠામાં રૂા.૮૮૮ કરોડની થરાદ-ધાનેરા અને રૂા.૬૭૮ કરોડની દિયોદર-લાખણી પાઈપલાઈનનું ખાતમુહૂર્ત કરાશે.

આરોગ્ય ક્ષેત્રે ગાંધીનગરમાં રૂા.૮૪ કરોડના યુ.એન. મહેતા કાર્ડિયોલોજી સેન્ટરનું લોકાર્પણ થશે. અમદાવાદમાં રૂા.૫૮૮ કરોડના ૧૮૦૦ બેડની હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરાશે. વડાપ્રધાન ૧૭ મહાનગરપાલિકાઓને ?૨૭૩૧ કરોડ અને ૧૪૯ નગરપાલિકાઓને રૂા.૫૬૯ કરોડના ચેક અર્પણ કરશે.

## શ્રી નાગરવેલ હનુમાનજી મંદિર ખાતે શ્રી શનિદેવ જન્મોત્સવની ભવ્યતાથી ઉજવણી કરવામાં આવશે



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૫

અમદાવાદના અમરાઈવાડી-રખિયાલ રોડ ઉપર આવેલ શ્રી નાગરવેલ હનુમાનજી મંદિર ખાતે તા.૨૭.૦૫.૨૦૨૫ને મંગળવારના રોજ શ્રી શનિદેવ જન્મોત્સવની ભારે ભવ્યતાથી ઉજવણી કરવામાં આવશે. મંદિરના મહંતશ્રી રંગનાથાચાર્યજી મહારાજે જણાવ્યું છે કે શ્રી શનિદેવ જન્મોત્સવ પ્રસંગે સવારે ૧૦.૦૦ થી બપોરે ૦૧.૦૦ વાગ્યે મંદિર ખાતે આવેલ શનિદેવની શિલાનું તેલથી લઘુરુદ્રભિશેક કરવામાં આવશે. સાંજે ૬.૦૦ થી ૮.૦૦ કલાકે સમગ્ર વિશ્વમાં શાંતિ અને કલ્યાણ અર્થે શનિ હવનનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે સાંજે ૭.૦૦ થી ૯.૦૦ કલાકે બટુક ભોજન અને રાત્રે ૮.૩૦ કલાકે શ્રી શનિદેવ જન્મોત્સવની મંગલ આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ દિવસે શનિભકતો શ્રી શનિદેવને સરસોનું તેલ, કાળું કાપડ, કાળા અડદ,કાળી છત્રી, કાળા બુટ-ચંપલ, લોખંડની વસ્તુઓને અર્પણ કરી વિશેષ પુણ્યનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

### બપોર બાદ વાતાવરણમાં આવેલા પલટા સાથે વરસાદની શરૂઆત થઈ

## યાત્રાધામ અંબાજીમાં ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે વરસાદી માહોલ, બજારમાં પાણી વહેતા થયા

(ગરવી તાકાત) અંબાજી તા.૨૫

શક્તિપીઠ અંબાજીમાં આજે અચાનક કમોસમી વરસાદે માહોલ બદલી નાખ્યો. બપોર બાદ વાતાવરણમાં આવેલા પલટા સાથે વરસાદની શરૂઆત થઈ. વરસાદને કારણે બજાર વિસ્તારમાં પાણી વહેતા જોવા મળ્યા.

અંબાજી અને આસપાસના વિસ્તારોમાં ઝાપટાં સાથે વરસાદ નોંધાયો. ભર ઉનાળે આવેલા આ વરસાદે અષાઢી માહોલ સર્જ્યો. અંબાજી અને અરવલ્લીની ગિરિમાળામાં વરસાદી વાતાવરણ જામ્યું હતું.

આજે અંબાજી પંથકમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી



સેલ્સિયસ નોંધાયું હતું. આ ભારે ગરમીથી ત્રસ્ત લોકોને વરસાદથી રાહત મળી. હવામાન વિભાગની આગાહી મુજબ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં વધુ વરસાદની શક્યતા છે.

### થરા રાધેશ્યામ મહિલા મંડળ દ્વારા ભીલ સમાજની અગિયાર

## દીકરીઓના સમૂહ લગ્ન મા બબ્બે જોડી કપડાંઅને કંકાવટી નુ કર્યું દાન





(ગરવી તાકાત) કાંકરેજ તા.૨૫

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા માં છેલ્લા ચાલીસ વર્ષ થી રાધેશ્યામ મહિલા મંડળદ્વારા ભજન કીર્તન સત્સંગ છે ભજન કીર્તન અને સતસંગમાં જે કઈ દાન આવતું હોય તે દાન મૂંગા પશુ ગાય કુતરા નેં અને પક્ષી નેં ખવડાવી પુણ્ય કરે છે થરા રાધેશ્યામ મહિલા મંડળ દ્વારા પાટણ જિલ્લા ના રાધનપર તાલુકાના કુણસેલા(શેરગંજ) ગામે સબરીજી સેવા સમેતી દ્વારા ભીલ સમાજ કન્યાદાન રાધનપુર તાલુકા વિકાસ પરિષદ આયોજિત સમૂહ લગ્નનોત્સવ ૨૦૨૫ નેં તારીખ ૨૪/૫/૨૦૨૫ નેં શનિવાર વૈશાખ વદ બારસ ના રોજ સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવેલ આ અગિયાર દીકરીના સમૂહ લગ્નમાં થરા રાધેશ્યામ મહિલા મંડળ દ્વારા ભીલ સમાજ ની દરેક દીકરીને બબ્બે જોડી કપડાં અને પીતળ ની કંકાવટી સાથે ૧૦૦રૂપિયા નું રોકડ દાન કરવામાં આવ્યું હતું આ સમૂહ લગ્નમાં રાધેશ્યામ મહિલા મંડળ ના ગોદાવરીબેન સોમાભાઈ ત્રીવેદી તેમજ સૌ રાધેશ્યામ મહિલા મંડળ ની બહેનો ઉપસ્થિત રહી નવદંપત્તિ આશીર્વાદ આપ્યા હતા.

Volume : 11 Issue : 42 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002